**બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક વર્ગ-૪ કર્મચારી તરીકે બિનકુશળ શ્રમયોગીનું મળવાપાત્ર સંખ્યાબળ નક્કી કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**

શિક્ષણ વિભાગ,

**ઠરાવ ક્રમાંક:** ED/MIS/e-file/3/2025/1241/G

સચિવાલય,ગાંધીનગર,

તારીખ: ઇ-સાઈન મુજબ.

**વંચાણે લીધા:**

1. શિક્ષણ વિભાગનો તારીખ ૦૨/૦૨/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૪/સી.સી.-૨૮/ગ.
2. નિયામકશ્રી શાળાઓની કચેરીનો તારીખ ૦૧/૧૦/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: ઉમબ/ઉમા.૮/૨૦૨૪.
3. નિયામકશ્રી શાળાઓની કચેરીનો તારીખ ૦૯/૦૪/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: COS/10+2/uma-02/2025/1189.

**-:આમુખ:-**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક:(1) સામેના વિભાગના તા.૦૨/૦૨/૨૦૧૬ના ઠરાવથી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારી વર્ગ-૪નું સંખ્યાબળ નિયત કરવામાં આવેલ છે. નિયામકશ્રી શાળાઓની કચેરીના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (2) સામેના તા.૦૧/૧૦/૨૦૨૪ના પત્ર તથા ક્રમાંક:(3) સામેના તા.૦૯/૦૪/૨૦૨૫ના પત્રથી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક વર્ગ-૪ કર્મચારીઓની બાબતે વિભાગના ઉક્ત તા.૦૨/૦૨/૨૦૧૬ના ઠરાવમાં સુધારો કરવા માટે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**-:ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક :(1) સામેના તા.૦૨/૦૨/૨૦૧૬ના ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| **ક્રમ** | **તારીખ ૦૨/૦૨/૨૦૧૬ ના ઠરાવ મુજબ જોગવાઇ** | **સુધારા જોગવાઇ** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | શરત નં. ૨ - "સંસ્થા દ્વારા વિદ્યાર્થી સંખ્યાના આધારે મળવાપાત્ર માનવબળની સેવાઓ લેવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે અને તેમની મંજૂરી મળ્યેથી જિલ્લા કલેકટરશ્રી દ્વારા ટેન્ડર પધ્ધતિને આધારે નક્કી કરવામાં આવેલ એજન્સી પાસેથી ટેન્ડર અને કરારની શરતોને આધિન સુવિધાઓ મેળવવાની રહેશે." | જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા દર વર્ષે RMSA/મોડેલ શાળાઓ માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા કરી એજન્સી મારફત વર્ગ-૪ પટાવાળાની ભરતી કરે છે. તે જ મુજબની પ્રક્રિયા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ આઉટસોર્સીંગથી પટાવાળાની ભરતી પ્રક્રિયા અપનાવવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીને સોંપવામાં આવે છે, તેમજ જિલ્લા શિક્ષણાધિકારીને GEM પર ઈ-ટેન્ડર દ્વારા આઉટસોર્સીંગ માટેની એજન્સી નિયત કરવાની રહેશે; તથા સમયમર્યાદામાં શાળાને પટાવાળા મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. |
| ૨ | શરત નં. ૩ -"જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સંસ્થા-જિલ્લા કલેકટર કચેરી અને એજન્સી વચ્ચે નોડલ અધિકારી તરીકે કાર્યવાહી કરવાની રહેશે અને સંસ્થા-શાળાઓમાં સુવિધા ઉપલબ્ધ થાય તે જોવાનું રહેશે." | સંસ્થા-શાળાઓમાં સુવિધા ઉપલબ્ધ થાય તેમજ આઉટસોર્સીંગથી પટાવાળાની ભરતી પ્રક્રિયા થાય તે માટે નોડલ અધિકારી તરીકે તેમજ નિયંત્રક અધિકારી તરીકેની તમામ કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીએ કરવાની રહેશે. |

ઉક્ત સુધારેલ જોગવાઇઓ સિવાય વિભાગના તા.૦૨/૦૨/૨૦૧૬ના ઠરાવની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૮/૦૯/૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

***e-Sign/-***

**(એ. જી. ચૌધરી)**

**ઉપ સચિવ**

**શિક્ષણ વિભાગ**

**ગુજરાત સરકાર**

**નકલ રવાના:-**

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમસંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આર્થિક બાબતો)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, નિયામકશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક-૫/૭, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,તમામ
- એક્ઝામીનરશ્રી, લોકલ ફંડ, ઓડિટ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,ગ-1 શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મનેજરશ્રી, શિક્ષણ વિભાગ, ઠરાવ વિભાગની વેબ-સાઈટ અપલોડ કરવા માટે.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.09.16 17:14:55 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign